આપણું પોતાનું અખબાર

સમાજની બધી જ તકલીફો, ઘર્ષણો, દુ:ખોનું મૂળ આપણો સ્વભાવ જ છે
- એસ. ભટ્ટાચાર્ય

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૩૫ | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૩, શુક્રવાર; મહા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# તાલુકા પંચાયતના મતદાન માટે તંત્ર તૈયાર

ગાંધીનગર, તા. ૧૪

૧૭મી ફેબ્રુઆરીને રવિવારે ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે યોજાનાર મતદાનને લઈ તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

મતદાન માટે ૩૦૦ જેટલા ઈ.વી.એમ. તૈયાર કરવામાં આવ્યા છે. તેમજ પોલીંગ સ્ટાફ માટે જરૂરી કીટ સાહિત્ય સાથેની તૈયાર કરવામાં આવી રહી છે.

આ ચૂંટણીમાં કુલ ૨૬૩ મતદાન મથકો છે. ૨,૧૧,૨૬૫ નોંધાયેલા મતદારો છે જેમાં ,૧,૦૮,૬૮૨ પુરૂષ મતદારો અને ૧,૦૨,૫૮૩ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં ૮૮ સર્વિસ વોટર્સ પણ નોંધાયેલા છે અને તેમને તે માટેના મતપત્રકો રવાના કરી દેવામાં આવ્યા હોવાનું ચૂંટણી પંચના જિલ્લાના સૂત્રોએ જણાવ્યું છે.

આ ચૂંટણીમાં સવારે ૮ થી સાંજના ૫ સુધી મતદાન યોજાશે. મતદાન માટે ફોટો ઓળખકાર્ડ અને તે ના હોય તો ૧૫ અન્ય પુરાવાઓને પણ માન્ય રાખવા માટેની સૂચનાઓ પંચે આપી દીધી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચ દ્વારા પોલીંગ સ્ટાફ માટેની જે કીટ તૈયાર કરવામાં આવી છે તેનું વજન આશરે ૫ કિલો જેટલુ થવા જાય છે. ૧૦૦ થી પણ વધુ સ્ટેશનરી, અવિલોપ્ય શાહી, પેન્સીલ, મતદારયાદી માર્ક કરેલી મુકવામાં આવી છે.

૨૬૩ બુથ પૈકી ૮૫ બુથ સંવેદનશીલ છે. તેમજ મતદાન મથકો પર પોલીંગ પાર્ટીઓને રવાના કરવા માટે ૨૫ રૂટ તૈયાર કરવામાં આવ્યા છે.

શનિવારે બપોરે ૧૨ વાગ્યાથી આ રૂટો જે તે મતદાન મથકો પર સે. ૧૬ની મહાત્મા ગાંધી વિદ્યાલયથી રવાના થશે. આ ચૂંટણીના બન્ને ચૂંટણી અધિકારી શ્રી ભાટી અને શ્રી તુવારે જણાવ્યું હતું કે તૈયારીઓ લગભગ સંપન્ન થઈ ચુકી છે.

## પોલીંગ સ્ટાફ માટે પાંચ કિલોનું વજન ધરાવતી કીટો તૈયાર કરાઈ



(તસવીર : દિપક જાની)

# ચૂંટણી પ્રચારના પડઘમ આજે શાંત

### પ્રચાર-અભિયાનમાં ગૃપ બેઠકો, લોકસંપર્ક અને મિત્રમંડળની રાજનીતિ ખેલી બન્ને પક્ષો આ જંગ લડી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટે રવિવારે યોજાનાર ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે પાંચ વાગ્યાથી બંધ થઈ જશે. પ્રચાર ઝુંબેશના અંતિમ ચરણમાં આ ચૂંટણીના બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવ્યું છે.

૩૧ બેઠકો માટે રવિવારે યોજાનાર મતદાનને લઈ આજે સાંજે પાંચ વાગ્યાથી ઉમેદવારો દ્વારા જાહેર પ્રચાર અભિયાન સંપન્ન થશે. મિત્રમંડળની રાજનીતિ પર આ ચૂંટણીની પ્રચાર ઝુંબેશે તેના અંતિમ ચરણમાં ભારે રાજકીય ગરમાવો લાવી દીધો છે.

તાલુકામાં ઉમેદવારો દ્વારા મતદારોના લોકસંપર્ક અભિયાનને વધુ મહત્વ આપવા ઉપરાંત નાના ગૃપોની બેઠકો યોજી અને પ્રચાર ઝુંબેશને સઘન બનાવવામાં આવી છે.

બન્ને મુખ્ય પક્ષોએ આજ ગાળામાં યોજાઈ રહેલા સમૂહલગ્નો તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં પણ હાજરી આપી પ્રચાર અભિયાનમાં મિત્રમંડળની રાજનીતિ ખેલવામાં કચાશ રાખી નથી.

ભાજપ તરફથી સાંસદ નટુજી ઠાકોર, ધારાસભ્યો શ્રી શંભુજી ઠાકોર, અશોક પટેલે જિલ્લાનો સઘન પ્રવાસ કર્યો છે. શ્રી શંભુજી ઠાકોર અને શ્રી નટુજી ઠાકોર, પુનમભાઈ મકવાણા સમૂહલગ્નોમાં ખાસ હાજરીઓ આપી આ પ્રચાર-ઝુંબેશને વધુ સઘન બનાવી છે. આ ઉપરાંત આઈ.કે. જાડેજા પણ કેટલીક મહત્વની સીટો પર ચુનંદા કાર્યકર્તાઓની બેઠક લીધી હતી. જો કે ગાંધીનગર શહેરના ચુનંદા કાર્યકર્તાઓની ફોજ સાથે ધારાસભ્ય શ્રી અશોક પટેલ પણ લોકસંપર્ક અભિયાન ચલાવી રહ્યા છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ તરફથી શ્રી જશુભા રાણા, શ્રી નીશીત વ્યાસ, શ્રી મુકેશ પટેલ, શ્રી પ્રવિણ પટેલ, શ્રી અશ્વિન બારોટ, શ્રી જુગાજી ઠાકોર, શ્રી સેંધાજી ઠાકોર, શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી પ્રહલાદજી ઠાકોર, શ્રી લાલભાઈ પટેલ, શ્રી સવધાનજી ઠાકોર, શ્રી બાબુજી ઠાકોર, શ્રી દિલીપ ચૌધરી, ડૉ. કૌશિક શાહ, શ્રી સૂર્યસિંહ ડાભી પ્રચાર અભિયાનની ધુરા સંભાળી રહ્યા છે.

કોંગ્રેસ પક્ષે પ્રચાર અભિયાનમાં ખાટલા પરિષદો, ગૃપ બેઠકો તેમજ મતદારો સાથે સીધો સંપર્ક કરી અને મત માગવાની નીતિ અપનાવી છે.

બન્ને પક્ષોએ નો રીપીટ થીયરી અપનાવી હોવાથી બન્ને પક્ષો વિજયનો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. જો કે પ્રચાર અભિયાનમાં બન્ને પક્ષોના ઉમેદવારો અને તેમના સમર્થકોએ એડીચોટીનું જોર લગાવી પક્ષની નીતિઓને પ્રજા સુધી પહોંચાડી છે. ભાજપે વિકાસની વાત કરી છે તો કોંગ્રેસે સામુહિક વિકાસ સામુહિક નિર્ણય અને રાજ્ય સરકાર દ્વારા વિકાસમાં ઉભા કરાતા અંતરાયોને પ્રચારના મુદ્દા બનાવ્યા છે.

કોંગ્રેસ પક્ષે તાલુકા પંચાયત માટે જમીન નહિ ફાળવવાના સરકારના અભિગમની સાથે સાથે હાલની કચેરીને પણ બેસવા માટે પુરતી જગ્યા ફાળવવામાં સરકાર દ્વારા કરાઈ રહેલા અન્યાયને મુખ્ય મુદ્દો બનાવ્યો છે.

ભાજપે વિકાસના મુદ્દાને રજુ કરી તાલુકામાં હાથ ધરાયેલા વિકાસ કામો તેમજ માર્ગોના આધુનિકિરણ માટે લેવાયેલા મહત્વના નિર્ણયોને પ્રચારના મુદ્દા બનાવ્યા છે. ભાજપે સ્પષ્ટ વિચાર, સ્વચ્છ રાજનીતિ અને સૌનો સાથ સૌનો વિકાસ મુદ્દા તરીકે રજુ કર્યા છે.

વર્તમાન તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે માત્ર ૧ સભ્યની પાતળી બહુમતિ કોંગ્રેસ ધરાવે છે. બન્ને પક્ષો વિજયનો દાવો કરી રહ્યા છે.

# બાર અપક્ષ ઉમેદવારો તાલુકા પંચાયતનું ભાવિ ઘડશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉભા રહેલા ૧૨ અપક્ષ ઉમેદવારો પંચાયતના નવા રાજકીય સમીકરણોમાં મહત્વની ભૂમિકા ભજવશે અને આ અપક્ષ ઉમેદવારો ભાજપને ફાયદો કરાવશે કે કોંગ્રેસને ફાયદો થશે તેને લઈ રાજકીય અટકળો તેજ બની છે.

બન્ને પક્ષોએ આ ચૂંટણીમાં નો રીપીટ થિયરી અપનાવી છે. જો કે બન્ને પક્ષોએ એક-એક ઉમેદવારને રિપીટ કર્યા છે. તાલુકા પંચાયતની આ ચૂંટણીમાં ૭૫ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૨૨ મહિલા ઉમેદવાર છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો માટેની આ સામાન્ય ચૂંટણીમાં બેઠકોના રોટેશનમાં થયેલા ફેરફાર બાદ ઉમેદવારોની પસંદગીને લઈ રાજકીય પક્ષોએ ભારે કવાયત કરી હતી. બન્ને પક્ષોએ નો રીપીટની થિયરી અપનાવતાં છેક છેલ્લી ઘડી સુધી ઉમેદવારોની પસંદગીમાં ભારે ખેંચતાણ પણ થવા પામી હતી.

તાલુકા પંચાયતના આ ચૂંટણી જંગમાં ૧૯ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાઈ રહ્યો છે. જ્યારે ૧૨ બેઠકો પર બે કરતાં વધારે ઉમેદવારો છે.

સૌથી વધારે ઉમેદવારો કોલવડાની બેઠક પર નોંધાયેલા છે. ૧૨ અપક્ષ ઉમેદવારો અત્યારે તો રાજકીય પક્ષોના ઉમેદવારોને સારા એવા હંફાવી રહ્યા છે અને તેથી જ તેઓ આ ચૂંટણીના પરિણામથી ઉભા થનારા રાજકીય સમીકરણો સર્જવામાં મહત્વના પૂરવાર થશે તેમ મનાઈ રહ્યું છે.

## વાતાવરણમાં પલ્ટાથી માવઠાનો માહોલ



(તસવીર : દિપક જાની)

છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગરમીનો માહોલ રહ્યા બાદ આજે પુનઃ માવઠાની સ્થિતિ સર્જાઈ છે. વાદળછાયા વાતાવરણની વચ્ચે તાપમાનમાં નજીવો ફેરફાર નોંધાયો છે.

ઠંડી ગાયબ થતા ઉનાળાની સ્થિતિનું નિર્માણ છેલ્લા કેટલાક દિવસોથી થયું હતું. ઉનાળો હવે શરૂ થઈ ગયો હોય તેવું જ લાગતું હતું, પરંતુ આજે ફરીથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. આકાશમાં વાદળો છવાયા હતા અને વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. તડકાની અસર ઓછી થતાં ગરમી પણ ઓછી લાગતી હતી. સાંજ સુધીમાં તો હમણાં જ માવઠું થશે તેવા વાદળો આકાશમાં છવાયા હતા. લઘુત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થયો હતો.

ઉત્તર ભારત અને જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગોમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી બરફ વર્ષા થઈ રહી છે. જેની અસર ગુજરાત પર થઈ છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તો છાંટા પણ પડ્યા હતા. પુનઃ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવતા વાતાવરણમાં પલ્ટો આવ્યો હોવાનું હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેની અસર હજુ ત્રણ-ચાર દિવસ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે.

# અગિયાર વર્ષ બાદ નીતિન પટેલનું બીજુ બજેટ

### ૨૦મી તારીખે અંદાજપત્ર રજુ થયુ હોય તેવી ૧૧ ઘટનાઓ ૨૦મીએ લેખાનુદાન અને ૨૦મીએ જ આખુ બજેટ રજુ થયુ હોય તેવી બે ઘટના

ગાંધીનગર, તા. ૧૪



અગિયાર વર્ષ બાદ નાણાં વિભાગનો પુન: હવાલો સંભાળનાર નાણાંમંત્રી શ્રી નીતિન પટેલ બીજીવાર રાજ્યનું ૬૬મું અંદાજપત્ર વિધાનસભા ગૃહમાં ૨૦મી ફેબ્રુઆરીએ રજુ કરશે.

વિધાનસભાની તવારીખીમાં જોઈએ તો ૨૦મી તારીખે અંદાજપત્ર રજુ થયુ હોય તેવી ઘટનાઓ પણ અગિયાર નોંધાઈ છે. આમ ૧૧નો અનોખો સંયોગ થયો હોવાની પ્રથમ ઘટના બની છે કે નાણાંમંત્રીએ ૧૧ વર્ષ બાદ ખાતાનો હવાલો સંભાળ્યો હોય અને ૨૦મી તારીખે અંદાજપત્ર રજુ થયા હોય તેવું પણ ૧૧ વખત બન્યું છે.

વિધાનસભાના સૂત્રોમાંથી કેટલીક મહત્વની ઘટનાઓને લઈ મળેલી વિગતો મુજબ ૨૦મી માર્ચ ૧૯૬૨ના રોજ પ્રથમવાર જીવરાજ મહેતાએ બીજી વિધાનસભામાં લેખાનુદાન અંદાજપત્ર રજુ કર્યું હતું. જે ચાર માસ માટેનું હતું.

આ પછી ૨૦-૩-૬૭ના રોજ નાણાંમંત્રી શ્રી જસવંત મહેતાએ ત્રીજી વિધાનસભામાં લેખાનુદાન રજુ કર્યું હતું. ત્યારબાદ ત્રણ વર્ષ બાદ ૨૦-૨-૭૦ના રોજ પુનઃ શ્રી જસવંત મહેતાએ અંદાજપત્ર રજુ કર્યું હતું.

૨૦-૬-૭૭ના રોજ પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જ. પટેલે પણ ગૃહમાં અંદાજપત્ર રજુ કર્યું હતું. આ પછી શ્રી સનત મહેતાએ ૨૦-૨-૮૪, શ્રી અરવિંદ સંઘવીએ ૨૦-૨-૮૬ના રોજ અંદાજપત્ર રજુ કર્યું છે.

૨૦-૬-૯૦ના રોજ નાણાંમંત્રી તરીકે શ્રી છબીલદાસ મહેતાએ લેખાનુદાન રજુ કર્યું હતું અને ચાર માસ બાદ અર્થાત્ ૨૦-૬-૯૧ના રોજ આખુ બજેટ પણ તેમણે રજુ કર્યું હતું. આમ ૨૦મી તારીખે લેખાનુદાન અને ચાર માસ બાદ ૨૦મીએ રાજ્યનું આખુ બજેટ રજુ થયું હોય તેવી બે ઘટના બની છે.

● અનુસંધાન પાન-૭ પર

**નીતિન પટેલ ભાજપના ચોથા નાણાંમંત્રી છે આ પૂર્વે સુરેશ મહેતા, નરેન્દ્ર મોદી અને વજુભાઈ વાળા બજેટ રજુ કરી ચુક્યા છે**

# ગાંધીનગરમાં સ્વાઈન ફલુ અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

### સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા : વાઈરસના પરિક્ષણ માટે વિના મુલ્યે સુવિધા : ટેમી ફલુ વગેરે દવાઓનો પુરતો જથ્થો હાલ ઉપલબ્ધ હોવાનો દાવો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર ખાતે રાજ્યમાં સ્વાઈન ફલુની બિમારીની સ્થિતિ, રોગ અટકાયતી પગલાં, ઘનિષ્ઠ સારવારની ઉપલબ્ધ સુવિધા અને લોકજાગૃતિ સંદર્ભે જરૂરી સમીક્ષા કરવા માટે આરોગ્ય વિભાગના કમિશનર અને અગ્ર સચિવ પીકે તનેજાના અધ્યક્ષ પદે એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ સમીક્ષા બેઠકમાં આરોગ્ય કમિશનર તનેજાએ રાજ્યમાં સ્વાઈન ફલુની પ્રવર્તમાન સ્થિતિ અને ઘનિષ્ઠ રોગ અટકાયતી પગલાં સંદર્ભે સમીક્ષા કરતા જણાવ્યું હતુ કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને પાંચ વર્ષથી નીચેના બાળકો એચવનએનવન વાઈરસથી વધુ અસરગ્રસ્ત બને છે ત્યારે બાળકો માટે સીરપના સ્વરૂપે એન્ટી વાયરલ દવાનો જથ્થો સરળતાથી ઉપલબ્ધ બને તે જરૂરી છે. તનેજાએ રાજ્યમાં ઉપલબ્ધ એન્ટ વાયરલ દવાના જથ્થા અંગે તેમજ તેની સરળતાથી ઉપલબ્ધ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ બેઠકમાં સતર્કતા એ જ સૌથી મોટો ઈલાજ હોઈ, સ્વાઈન ફલુની બિમારી સામે તકેદારી રાખવાના પગલા અંગે લોકોને જાગૃત થવા તેમજ બિમારી ફેલાવે તેવી પ્રવૃત્તિ નહીં કરવા સંદર્ભે લોક શિક્ષણ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં સમયાંતરે યોગ્ય રીતે હાથ ધોવા, સમયસર સારવાર, જ્યાં ત્યાં થૂકવું નહીં, સામાન્ય ફલુના લક્ષણ જણાય તો બહાર નીકળવાનું ટાળવું જેથી ચેપ ફેલાય નહીં વગેરે જેવા પગલાં ઉપર ભાર મૂકાયો હતો.

રાજ્યમાં એચવન એનવન વાઈરસના પરીક્ષણની વિના મૂલ્યે સુવિધા ઉપલબ્ધ છે. તમામ જિલ્લા હોસ્પિટલો અને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં ઘનિષ્ઠ સારવાર માટે સુવિધા ઉપલબ્ધ છે.




